હવે આ આગાહી સાચી પડે તો સારું (સ્લગ)

# આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદનું 'યલો એલર્ટ' જાહેર કરાયું

**40થી 50** કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવા સાથે ગાજવીજની પણ આગાહી

**આગામી** દિવસોમાં ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદનું જોર વધશે

ગાંધીનગર: ગુજરાતમાં ચોમાસાની સત્તાવાર એન્ટ્રી હવે નજીક આવી રહી છે. હવામાન વિભાગે આગામી 2થી 3 દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ગુજરાતના વધુ વિસ્તારોમાં આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિ હોવાનું જણાવ્યું છે. આ સાથે આવતીકાલે તા. 24 જૂને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી, વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદ પડી શકે છે. ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં પણ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ વિસ્તારોમાં 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે ગાજવીજની પણ આગાહી કરવામાં આવી છે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ મંગળવારે સાંજે 6 વાગ્યા સુધી રાજ્યના 12 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જ્યારે છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના 52 તાલુકામાં વરસાદ થયો હતો. તેમાં ભાવનગર જિલ્લામાં સૌથી વધુ 1.85 ઈંચ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે જણાવ્યું છે કે છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા, જ્યારે કચ્છમાં હવામાન શુષ્ક રહ્યું હતું. ઉત્તર ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં 3.1 કિમીની ઊંચાઈએ અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન પણ યથાવત રહેતાં અને નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશાના પવનો ફૂંકાતા ગુજરાતમાં ચોમાસાના વધુ સક્રિય થવાના સંકેતો જોવા મળી રહ્યા છે.

24 જૂન બાદ વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની શક્યતા છે. 25 જૂને ઉત્તર ગુજરાતના મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ વરસાદી માહોલ યથાવત રહેવાની સંભાવના છે. 26થી 30 જૂન દરમિયાન દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં સતત હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાઓમાં પણ વરસાદી પ્રવૃત્તિ ચાલુ રહેવાની શક્યતા છે.

# જામનગરમાં 128 કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ ઝડપાયું, પિતા-પુત્રની ધરપકડ

**જીએસટી** વિભાગ દ્વારા મે. માંડોવરા ટ્રેડિંગ કંપની સહિત 22 પેઢી પર દરોડા પાડવામાં આવ્યા હતા

**પેઢીના** માલિકો સુરેશ શાહ અને તેના પુત્ર આયુષ શાહની સીધી સંડોવણી બહાર આવતાં એરેસ્ટ કરાયા

અમદાવાદઃ ગુજરાત સ્ટેટ જીએસટી (SGST) વિભાગ દ્વારા આચરવામાં આવેલા એક મોટા ઓપરેશનમાં રૂ. 128 કરોડથી વધુનું બોગસ બિલિંગ કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું છે. આ ચકચારી કૌભાંડમાં સંડોવાયેલી જામનગરની એક પેઢીના પિતા-પુત્રની રૂ. 23.08 કરોડથી વધુની ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) મેળવવાના ગુનામાં ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા પિતા - પુત્રમાં સુરેશચંદ્ર મૂલચંદ શાહ અને આયુષ સુરેશચંદ્ર શાહનો સમાવેશ થાય છે.

ચોક્કસ બાતમી અને તેના આધારે કરાયેલા ડેટા એનાલિસિસને પગલે સ્ટેટ જીએસટી વિભાગે ગત 16 જૂન 2026ના રોજ રાજ્યવ્યાપી દરોડા પાડ્યા હતા. વિભાગ દ્વારા જામનગર, રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત અને ભાવનગર સહિતના શહેરોમાં આવેલી 'મેસર્સ માંડોવરા ટ્રેડિંગ કંપની' સહિત કુલ 22 પેઢીઓ પર એકસાથે સર્ચ અને સિઝર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન જામનગરની પેઢી 'મેસર્સ માંડોવરા ટ્રેડિંગ કંપની' ના પ્રોપ્રાઈટર સુરેશચંદ્ર મૂલચંદ શાહ અને તેમના પુત્ર આયુષ સુરેશચંદ્ર શાહની આ કરચોરીમાં સીધી સંડોવણી ખુલી હતી. જેથી વિભાગ દ્વારા રૂ. 23.08 કરોડથી વધુની ટેક્સ ચોરીના મામલે આ પિતા-પુત્રની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, આ પેઢી દ્વારા બ્રાસ (પિત્તળ) અને કોપર (તાંબા) ના સ્ક્રેપની બોગસ ખરીદી દર્શાવવામાં આવતી હતી. વાસ્તવમાં માલની કોઈ ભૌતિક હેરફેર (Physical Movement) કર્યા વિના જ, માત્ર કાગળ પર નકલી પેઢીઓ મારફતે રૂ. 128 કરોડથી વધુના નકલી વ્યવહારો દર્શાવીને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવાના આશયથી કરોડો રૂપિયાની ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં આવી હતી.

જીએસટી કાયદા હેઠળ ખોટી રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ ભોગવવી એ જીએસટી એક્ટની કલમ 132(1)(c) હેઠળ અને આઈટીસી પાસ ઓન કરવા માટે નકલી ઈન્વોઈસ ઈશ્યૂ કરવા એ કલમ 132(1)(b) હેઠળ ગુનો બને છે. આ બંને આરોપીઓની સ્પષ્ટ સંડોવણી સાબિત થયા બાદ આગળની તપાસ માટે તેમની ધરપકડ કરવામાં આવી છે. વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, જેમ જેમ તપાસ આગળ વધશે તેમ વધુ કરચોરી અને જીએસટીની બાકી જવાબદારીઓ પ્રકાશમાં આવે તેવી પૂરી શક્યતા છે. હાલ રાજ્ય વેરા વિભાગ સરકારી મહેસૂલની વસૂલાત અને રક્ષણ માટે કાયદેસરની કડક કાર્યવાહી કરી રહ્યું છે.

આ કૌભાંડના પગલે સ્ટેટ જીએસટી વિભાગે તમામ નાગરિકો અને કરદાતાઓને ખાસ અનુરોધ કર્યો છે કે તેઓ અજાણી કે અનધિકૃત વ્યક્તિઓ સાથે પોતાના સંવેદનશીલ દસ્તાવેજો જેવા કે આધાર, પાન (PAN), જીએસટી રજીસ્ટ્રેશનની વિગતો અથવા બેંક ખાતાની માહિતી ક્યારેય શેર ન કરે. આવા મહત્વના દસ્તાવેજોના દુરુપયોગથી આર્થિક છેતરપિંડી કે ઓળખની ચોરી (Identity Theft) થઈ શકે છે, જેથી પ્રત્યેક નાગરિકે પોતાની વ્યક્તિગત અને વ્યાપારિક માહિતી બાબતે સજાગ અને સુરક્ષિત રહેવું અનિવાર્ય છે.

## અમદાવાદમાં જગન્નાથજીની રથયાત્રા માટેની તૈયારીઓ પૂર્ણ

અમદાવાદઃ વિશ્વવિખ્યાત ભગવાન જગન્નાથજીની 148મી રથયાત્રાને સુરક્ષિત, સુવ્યવસ્થિત અને સ્વચ્છ રીતે સંપન્ન કરાવવા માટે અમદાવાદ મનપા દ્વારા વ્યાપક તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. 13 કિલોમીટરથી વધુ લાંબા યાત્રામાર્ગ પર રોડ, ડ્રેનેજ, આરોગ્ય, ફાયર, લાઈટિંગ, એસ્ટેટ અને સફાઈ સહિતના તમામ વિભાગોને સતર્ક રાખવામાં આવ્યા છે. અમદાવાદમાં નીકળનાર ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાની તડામાર તૈયારીઓ મંદિર પ્રશાસન દ્વારા ચાલી રહી છે, ત્યારે અમદાવાદ મનપાએ પણ રથયાત્રાને પગલે રથયાત્રા રૂટ પર રોડ રીસરફેસિંગ, પેચવર્ક, ફુટપાથ રિઈન્સ્ટેટમેન્ટ અને ડ્રેનેજ સફાઈની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. યાત્રામાર્ગ પર આવેલા 633 ભયજનક મકાનો પર ચેતવણી નોટિસ લગાવવામાં આવી છે અને દરેક સ્થળે મનપા કર્મચારી તથા પોલીસકર્મીને તૈનાત રાખવાની વ્યવસ્થા કરાઈ છે. ઉત્તર ઝોનમાં પણ 135 ચેતવણી નોટિસ અને 18 કાયદાકીય નોટિસો આપવામાં આવી છે. આરોગ્ય સેવાઓ માટે 7 મોબાઈલ મેડિકલ વાન, 15 મેડિકલ ઓફિસર અને આશરે 100 કર્મચારીઓને ફરજ પર મુકવામાં આવશે. ફાયર વિભાગના 203 કર્મચારીઓ સતત તૈનાત રહેશે.

# રામ મંદિરના દાનની ચોરી કરનારા જેલના સળિયા પાછળ ધકેલાઈ જશે?



ઉત્તર પ્રદેશમાં અયોધ્યા રામ મંદિર દાન-ચોરી પ્રકરણમાં સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) નો પ્રારંભિક તપાસ અહેવાલ સરકારને સુપરત કરવામાં આવ્યો છે. પ્રારંભિક તપાસમાં ભગવાન રામને અર્પણ કરાયેલા સોના, ચાંદીના દાગીના, હીરા અને અન્ય કિંમતી પથ્થરોના રેકોર્ડમાં ગંભીર વિસંગતતાઓ સામે આવી છે. SIT ની તપાસમાં કુંભ મેળા દરમિયાન સૌથી મહત્ત્વપૂર્ણ ગેરરીતિઓનો પર્દાફાશ થયો હતો, જ્યારે લગભગ બે મહિના સુધી દરરોજ આશરે ૧૦ લાખ ભક્તો મંદિરની મુલાકાત લેતાં હતાં અને દાનપેટીઓ બે કલાકમાં રોકડથી ભરાઈ જતી હતી. વધુમાં મંદિર ટ્રસ્ટે બજાર મૂલ્ય કરતાં વધુ કિંમતે જમીન ખરીદી હોવાનો આરોપ છે. ટ્રસ્ટે આશરે ૭૧ એકર જમીન બજાર મૂલ્ય કરતાં લગભગ ૫૦૦ થી ૮૦૦ ટકા વધુ કિંમતે ખરીદી હતી. તપાસ દરમિયાન SITને અનેક મહત્ત્વપૂર્ણ પુરાવા મળ્યા છે. તપાસ દરમિયાન SIT એ મંદિર પરિસર અને આરોપીઓનાં ઘરોનું નિરીક્ષણ કરવામાં છ દિવસ ગાળ્યા હતા. SIT એ આ સમયગાળા દરમિયાન ૧૫૦ લોકોની પૂછપરછ કરી હતી. એવું પણ કહેવાય છે કે ૨ કરોડ રૂપિયાથી વધુ રકમ રિકવર કરવામાં આવી હતી. રવિવારે SIT એ મંદિર ટ્રસ્ટ સાથે સંકળાયેલા અધિકારીઓને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી અયોધ્યા ન છોડવાનો આદેશ આપ્યો હતો.

લખનૌ ડિવિઝન કમિશનર અને SITના અધ્યક્ષ વિજય વિશ્વાસ પંતે તેમના બે સભ્યો સાથે આ પ્રારંભિક અહેવાલ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવને સુપરત કર્યો હતો. ટીમે આ મામલે FIR નોંધવાની વિનંતી કરી છે અને ટ્રસ્ટનું પુનર્ગઠન કરવાની ભલામણ કરી છે. મંદિરના CEO તરીકે એક વરિષ્ઠ અધિકારીની નિમણૂક કરવાનું પણ સૂચન કર્યું છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે આ અંતિમ અહેવાલ નથી અને તપાસ ચાલુ રહેશે. આ એક પ્રારંભિક તપાસ અહેવાલ છે, જેમાં કેટલીક મહત્ત્વપૂર્ણ માહિતી હોઈ શકે છે, કારણ કે SIT ટીમ આ બાબતની સતત તપાસ કરી રહી છે. રાજ્ય સરકાર આ અહેવાલ કેન્દ્રીય ગૃહ મંત્રાલયને મોકલશે, જે પછી આ મામલે વધુ કાર્યવાહી થઈ શકે છે. આ કેસમાં હજુ સુધી કોઈને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા નથી. SIT એ વિગતવાર તપાસ કરવા માટે વધારાના સમય અને સહાયક અધિકારીઓની વિનંતી કરી છે.

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

રામ મંદિરના ભંડારમાંથી ચોરીના જે ચાર મુખ્ય શકમંદો છે, તેમાં પહેલું નામ ચંપત રાયનું છે, જે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ છે. ચંપત રાય રામ જન્મભૂમિ ચળવળના મુખ્ય વ્યક્તિઓમાંના એક છે. તેઓ મંદિરની ઓડિટ સમિતિના અધ્યક્ષ પણ છે, જેઓ મંદિરમાં બેઠકો અને કાર્યક્રમોનું નિરીક્ષણ કરે છે. તેમના પર કરોડો રૂપિયાની ઉચાપત અને ગેરરીતિના આરોપો છે. વિરોધ પક્ષો અને અનેક સંતોએ તેમને હટાવવાની માંગણી કરી છે. તપાસ દરમિયાન SITએ તેમની પૂછપરછ પણ કરી છે. ચંપત રાયે જણાવ્યું હતું કે મંદિરનું આંતરિક ઓડિટ ચાલી રહ્યું છે અને કંઈ પણ શંકાસ્પદ મળ્યું નથી. બીજું નામ રામશંકર યાદવ ઉર્ફે ટીનુ યાદવનું છે, જે અગાઉ ચંપત રાયનો ડ્રાઇવર હતો અને પછીથી તેનો નજીકનો સાથી બન્યો હતો. તે અયોધ્યા અને લખનૌમાં આશરે ૫૦ કરોડ રૂપિયાની સંપત્તિ ધરાવતો હોવાનો દાવો થયો છે. તેના પર મંદિરના પ્રસાદની ચોરીમાં સામેલ હોવાનો આરોપ છે. VIP એન્ટ્રીથી લઈને પ્રસાદની ગણતરી સુધીની દરેક બાબતમાં તેનો હાથ હતો. એવો દાવો કરવામાં આવે છે કે SIT એ તેના ઘરમાંથી સોનું જપ્ત કર્યું છે. SIT એ છ દિવસમાં ઘણી વખત ટીનુ યાદવની પૂછપરછ કરી છે. ટીનુ કહે છે કે તેનો ચોરી કે ઉચાપત સાથે કોઈ સંબંધ નથી. તેણે ટેમ્પો ચલાવીને કેટલાક પૈસા કમાયા હતા.

અન્ય એક શકમંદ વ્યક્તિ ડો. અનિલ કુમાર મિશ્રા છે. તેઓ રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય છે. મંદિરના અભિષેક સમારોહ દરમિયાન તેમને મુખ્ય આશ્રયદાતા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ મંદિરમાં તમામ વહીવટી કાર્યની દેખરેખ રાખે છે. ટીનુ યાદવે દાવો કર્યો છે કે મિશ્રા બધા રોકડ વ્યવહારો સંભાળે છે. એક ભૂતપૂર્વ એન્જિનિયરે તેમના પર ૪૦ ટકા કમિશન લેવાનો આરોપ લગાવ્યો છે. SIT એ ડો. અનિલ મિશ્રાની ઘણી વખત પૂછપરછ કરી છે.

ચોથા શકમંદ ગોપાલ રાવ રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ખાસ આમંત્રિત છે. કર્ણાટકના રહેવાસી ગોપાલ રાવ મંદિરમાં બાંધકામ સહાયક છે. તેઓ રામ મંદિરના સંચાલન માટે જવાબદાર છે. તેઓ દર્શન અને આરતી પાસની વ્યવસ્થા માટે પણ જવાબદાર છે. તેઓ દાનની ગણતરીનો પણ હવાલો સંભાળતા હતા. તેમના પર દાનપેટી અને સોના-ચાંદીના દુરુપયોગના આરોપો લાગ્યા છે. SIT એ ગોપાલ રાવની ઘણી વખત પૂછપરછ કરી છે.

રામ મંદિરમાંથી ૨૦૦ ચાંદીની ઈંટો ગુમ થઈ હોવાના આરોપો છે. વિશ્વ સિંધી સેવા સંગમ દ્વારા આ ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે અને ૨૦૦ કિલોગ્રામ ચાંદીના દાનમાં ખુલાસો માંગવામાં આવ્યો છે. ૨૦૦ કિલોગ્રામ ચાંદીની ઈંટ ૨૦૨૧ માં દાનમાં આપવામાં આવી હતી. હાલમાં, તેની કિંમત ૫ કરોડ રૂપિયાથી વધુ છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે સિંધી સેવા સંગમને દાનની કોઈ રસીદ મળી નથી. રામ લલ્લાને પણ ૬૦ કિલોગ્રામ ચાંદીના પથ્થરો દાનમાં આપવામાં આવ્યા હતા. જો કે, એવું જાણવા મળ્યું છે કે SITને તેની તપાસ દરમિયાન તેમાંથી કોઈ મળ્યું નથી. નોર્થ ઈન્ડિયા જ્વેલર્સ એસોસીએશનના પ્રમુખ અનુરાગ રસ્તોગી પાસે રસીદો છે. દેશભરનાં જ્વેલર્સ પાસેથી ૧૦-૨૦ ગ્રામના વધારામાં ૬૦ કિલોગ્રામ ચાંદી એકઠી કરવામાં આવી હતી. આશરે ૧.૫ કરોડ રૂપિયાની ચાંદી ગાયબ થવાથી ખળભળાટ મચી ગયો છે.

રામ લલ્લાને દાનમાં આપેલો હીરાજડિત હાર ગુમ થયો છે. જૌનપુરના એક ભક્તે મુંબઈમાં કરોડો રૂપિયામાં તે બનાવડાવ્યો હતો અને પછી ટીનુ યાદવ દ્વારા રામ લલ્લાને ભેટ આપ્યો હતો. ભક્ત દ્વારા દાનમાં આપેલ સોનાની ચરણ પાદુકા પણ ગુમ થઈ ગઈ છે. એવો દાવો કરવામાં આવે છે કે પાદુકા ૧ કિલો સોના અને ૭ કિલો ચાંદીથી બનેલી હતી. જ્યારે SIT એ રામ મંદિરના પૂજારીને ગળાનો હાર અને ચરણ પાદુકા વિશે પૂછપરછ કરી, ત્યારે તેમણે કહ્યું કે તેમણે બંને રામશંકર યાદવ, જેને ટીનુ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમને પરત કરી દીધા છે. SIT એ ટીનુ યાદવને બે કિંમતી વસ્તુઓ વિશે પણ પૂછપરછ કરી, જેમણે સોનાનાં આભૂષણોને ઈંટોમાં ઓગાળવાનું કબૂલ્યું અને કહ્યું કે કેડી તિવારી આભૂષણોનો સંગ્રહ કરવા માટે જવાબદાર હતા અને તેમને જાણ કરી હતી. જો કે, કેડી તિવારીને સોનાની ઈંટ કે કોઈ રસીદ મળી ન હતી. એવા પણ દાવાઓ છે કે પ્રસાદ તરીકે દાનમાં આપેલા ઘણા સોના અને ચાંદીનાં આભૂષણો ચોરાઈ ગયાં હતાં. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે સોનાની ગદા અને અનેક કિંમતી રામ શિલા ગુમ છે. સૂત્રો સૂચવે છે કે SITએ તેની તપાસ દરમિયાન મહત્ત્વપૂર્ણ પુરાવાઓ શોધી કાઢ્યા છે. એવું કહેવાય છે કે નોટોની ગણતરીથી લઈને CCTV કેમેરામાં છેડછાડ સુધીના વિવિધ સ્તરે ગેરરીતિઓ સામે આવી છે. દાન ચોરી કૌભાંડ બાદ ટ્રસ્ટ વિશે અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. ટ્રસ્ટની રચના પછી, જ્યારે આંતરિક ઓડિટરને દાનનું ઓડિટ કરવાનું કહેવામાં આવ્યું હતું, ત્યારે આંતરિક ઓડિટરે ગેરરીતિઓની વિગતો આપતો અહેવાલ રજૂ કર્યો હતો. આ અહેવાલને સંપૂર્ણપણે અવગણવામાં આવ્યો હતો. ત્યારબાદ એક નવા આવનારને ટ્રસ્ટના CA તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેમને એકાઉન્ટિંગનું કામ સોંપવામાં આવ્યું હતું. ટ્રસ્ટના અધિકારીઓને કહેવામાં આવ્યું હતું કે જો ઓડિટ માટે કોઈ મોટી પેઢીને રાખવામાં આવે તો તેના કર્મચારીઓને ભારે પગાર આપવો પડશે. તેમને વીમા અને પેન્શન જેવા ખર્ચાઓનો સામનો કરવો પડશે. તેથી સ્થાનિક લોકોને ઓછા પૈસામાં રાખવામાં આવ્યા હતા અને નજીકના સહયોગીઓને દાન ગણવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ખજાનચી ગોવિંદ દેવ ગિરી હજુ સુધી SIT સમક્ષ હાજર થયા નથી. અત્યાર સુધીમાં SIT એ દાન ગણતરીમાં સામેલ તમામ કર્મચારીઓ અને બેંક કર્મચારીઓ સહિત તમામ ટ્રસ્ટ અધિકારીઓની પૂછપરછ કરી છે. SIT દાનનું ઓડિટ કરનાર કર્મચારી ટીનુ યાદવ અને કેટલાંક બેંક કર્મચારીઓને જેલમાં મોકલી શકાય છે. જે અધિકારીઓની બેદરકારીને કારણે ચોરી થઈ હતી તેમને રામ મંદિરનો વહીવટ કરતા ટ્રસ્ટમાંથી હાંકી કાઢવામાં આવી શકે છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**આ કેસમાં હજુ સુધી કોઈને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા નથી. SIT એ વિગતવાર તપાસ કરવા માટે વધારાના સમય અને સહાયક અધિકારીઓની વિનંતી કરી છે**

# BUSINESS મિત્ર

એશિયન બજારોમાં જોરદાર કડાકો બોલાયોઃ રોકાણકારોના 4 લાખ કરોડ રૂપિયા સ્વાહા

# એશિયન બજારોની પાછળ ચારેકોર વેચવાલીએ સેન્સેક્સ 890 પોઇન્ટ તૂટયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 23:** એશિયન બજારોમાં ભારે વેચવાલીના દબાણ વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટી ધડામ થઈને તુટી પડી હતી. આજે નિફ્ટીની વીકલી એક્સપાયરીના પગલે મંદીવાળાઓ હાવી થઈ ગયા હતા અને તેઓએ ખાસ કરીને ફરી એકવાર આઈટી શેરોમાં વેચવાલી કરતા નિફ્ટી 23900 પોઈન્ટની નીચે સરકી ગઈ છે. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 1100 પોઈન્ટ તુટયો હતો, જ્યારે નિફ્ટી 23800ની નીચે પહોંચી ગઈ છે. એટલું જ નહીં, સૌથી વધુ કડાકો રોકડાના શેરોમાં જોવા મળ્યો હતો.

આઈટી અને મેટલ સેકટરે બજારમાં ભારે દબાણ નાંખ્યું હતું. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 2 ટકા સુધી તુટયો હતો, જ્યારે નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 3 ટકા સુધી ઘટ્યો હતો. નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 2 ટકાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ એક ટકા અને નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ અડધા ટકા સુધી તુટયા હતા. જોકે, ફાર્મા શેરોમાં રીકવરી જોવા મળી હતી અને તેને બજારને ટેકો આપવાનો પ્રયાસ કર્યો હતો.

બીજી તરફ, ચારેકોર વેચવાલીના કારણે શેરબજાર તુટી ગયું હતું, જેમાં રોકાણકારોના ચાર લાખ કરોડ રૂપિયા સ્વાહા થઈ ગયા હતા, જેથી માર્કેટ કેપ ઘટીને રૂ. 475 લાખ કરોડ પર પહોંચી ગયો હતો.

બીએસઈ સેન્સેક્સ 893.39 પોઈન્ટ એટલે કે 1.16 ટકા ઘટીને 76200.68 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડે સેન્સેક્સ 77194 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76082 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 278.80 પોઈન્ટ એટલે કે 1.16 ટકા ઘટીને 23824.10 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24135 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23784 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 751.85 પોઈન્ટ એટલે કે 1.3 ટકા ઘટીને 57183.75 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે કોહાન્સ લાઈફસાયન્સીસમાં 12.91 ગણા, ક્લોસ્કર ઓઈલમાં 6.69 ગણા, હીરો મોટો કોર્પમાં 5 ગણા, ફીઝીક્સવાલા લિ.માં 4.64 ગણા, પ્રેસ્ટીજ એસ્ટેટ 3.56 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે કોહાન્સ લાઈફસાયન્સીસમાં 41.19 ગણા, પિરામલ ફાર્મામાં 25.97 ગણા, ક્લોસ્કર ઓઈલ 24.16 ગણા, વેદાન્તા લિ.માં 8.78 ગણા અને ન્યુલેન્ડ લેબમાં 5.6 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.88 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.62 ટકા ઘટ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઈ ખાતે 1498 શેરો વધ્યા હતા, જ્યારે 2797 શેરો ઘટ્યા હતા, તથા 181 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 3.22 ટકા ઘટ્યા હતા. જેમાં વેદાન્તા, નેલ્કો, હિન્દુસ્તાન ઝીંક, જિન્દાલ સ્ટીલ, જેએસડબલ્યુ સ્ટીલ, સેઈલ, એનએમડીસી, અદાણી એન્ટર, ટાટા સ્ટીલ અને હિન્દાલ્કો ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફ્યુચર લાલ નિશાનમાં ચાલી રહ્યા છે, જેથી આજે અમેરિકન બજારો નેગેટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. યુએશ-ઈરાન શાંતિ કરાર પર પ્રારંભિક ઉત્સાહ બાષ્પીભવન થતા યુરિપયન બજારોમાં ઘટાડો થયો હતો. જે લાંબા સમય સુધી વ્યાજદરો અને નવી ચિંતાઓને માર્ગ આપશે. એલિવેટેડ એઆઈ વેલ્યુએશન અને ઉચ્ચ યુએસ ઉધાર ખ4ચની સંભાવના વચ્ચે ટેકનોલોજી શેરોમાં વેચવાલીએ એશિયન બજારોમાં જોરદાર કડાકો બોલાયો હતો. આ વેચવાલીએ કોસ્પી 20 મિનિટમાં 10 ટકાની લોઅર સર્કિટ વાગતા ટ્રેડિંગ બંધ રહ્યો હતો, જે ફરીથી ખુલતા વેચવાલીનું દબાણ ચાલુ રહ્યું હતું. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે કહ્યું કે ઈરાન સાથેની વાટાઘાટોમાં પ્રગતિ થઈ છે અને હોર્મુઝ સ્ટ3ટ કુલ્લી છે, તે પછી પુરવઠાની ચિંતાઓ હળવી થતા ક્રુડના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.39 ટકા, કેક 0.56 ટકા અને ડેક્સ 0.78 ટકા ઘટાડા સાથે આગળ વધી રહ્યો છે. એશિયન બજારોમાં નીક્કી 3.68 ટકા, હેંગસેંગ 1.85 ટકા, તાઈવાન 1.36 ટકા, કોસ્પી 11.10 ટકા, જકાર્તા 0.25 ટકા અને શાંઘાઈ 1.38 ટકા તૂટયા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.03 ટકાનો નજીવો સુધારો રહ્યો હતો.

## બેઉતરફી વધઘટે ડોલરમાં નજીવો સુધારો

ક્રુડ ઓઇલમાં ઘટાડો ચાલુ રહેવા છતાં આજે પણ ડોલર-રૂપિયામાં બેઉતરફી વધઘટ રહી હતી, છેલ્લે ડોલરમાં નજીવો સુધારો રહ્યો હતો. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 4 પૈસા ઘટીને 94.73ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.69ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 107.64, પાઉન્ડ 124.64, કેનેડિયન ડોલર 66.71, ઓસ્ટ્રેલિયન ડોલર 65.36, જાપાનીઝ યેન 0.5864 અને સીંગાપોર ડોલર 72.86ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.73 રૂ. |
| યુરો | 107.64 રૂ. |
| પાઉન્ડ | 124.64 રૂ. |
| યેન | 0.5864 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -893.39 | 76200.68 |
| નિફ્ટી | -278.80 | 23824.10 |
| બેન્ક નિફ્ટી | -751.85 | 57183.75 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સીપલા | 1.23 | 1433.10 |
| ડો. રેડ્ડીઝ લેબ | 0.82 | 1301.30 |
| પાવરગ્રીડ | 0.76 | 291.95 |
| એક્સીસ બેન્ક | 0.36 | 1363.50 |
| સન ફાર્મા | 0.27 | 1868.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 3.39 | 1029.30 |
| ટીસીએસ | 3.21 | 2059.60 |
| અદાણી એન્ટર | 3.16 | 2962.90 |
| વિપ્રો | 3.16 | 174.49 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 3.13 | 1242.20 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 0.83 | 292.25 |
| એક્સીસ બેન્ક | 0.28 | 1362.55 |
| સન ફાર્મા | 0.23 | 1867.80 |
| મારૂતિ સુઝુકી | 0.07 | 13422.20 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 3.36 | 1029.55 |
| ટીસીએસ | 3.16 | 2060.15 |
| બીઇએલ | 2.67 | 419.95 |
| ટાટા સ્ટીલ | 2.66 | 193.65 |
| અદાણી પોર્ટસ | 2.42 | 1783.10 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૯૨૬૦ |
| તેજાબી સોનું | ૧૪૯૧૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૧૮૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૬૨૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૯૨૬૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૪૨૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૫૭૦૦ |

ટેક શેરોમાં ત્સુનામી: સેમસંગ-એલજીના દેશ કોરિયામાં ટ્રેડિંગ અટકાવવું પડ્યું

# કોરિયામાં 10%ની લોઅર સર્કિટ, નાસ્ડેક 700 પોઈન્ટ તૂટયો

**નાસ્ડેક**-ડાઉ ફ્યુચર શેરોમાં પણ જોરદાર ઘટાડો થતાં અમેરિકન બજાર લાલ નિશાનમાં

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 23:** વૈશ્વિક બજારોમાં કોહરામ મચી જવા પામ્યો છે. દક્ષિણ કોરિયાના કોસ્પી ઈન્ડેક્સમાં 10 ટકાની લોઅર સર્કિટ વાગી હતી. છેલ્લે 11 ટકાનો ઘટાડો નોંધાયો હતો. જાપાનના નીક્કી 3 ટકા જેટલો તૂટયો હતો. જ્યારે નાસ્ડેક ફ્યુચર 700 પોઈન્ટનો ઘટાડો નોંધાયો છે. જ્યારે ડાઉ જોન્સ ફ્યુચર બે ટકા જેટલો ઘટાડા સાથે ચાલી રહ્યો છે. જેના લીધે આજે અમેરિકન બજારો નરમ ખુલવાના સંકેત આપી રહ્યા છે.

અમેરિકન બજારોમાં દબાણ જોવા મળી શકે છે, ખાસ કરીને ટેકનોલોજી શેરોમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. જેની અસર ભારતીય શેરબજારની સાથે એશિયન બજાર પણ તૂટયા હતા. જેથી આજે ખાસ કરીન આઈટી ઈન્ડેક્સ 2 ટકાથી વધુ તુટયો હતો.

જાપાનનો ફ્લેગશિપ નિક્કી 225 લગભગ3ટકા ઘટ્યો હતો. હોંગકોંગનો હેંગસેટ 1.75 ટકા ઘટ્યો હતો. શાંઘાઈ કમ્પોઝિટ ૧.૩૮ ટકાની નબળાઈ બતાવી રહ્યું હતું. થાઈલેન્ડનો સેટ કમ્પોઝિટ ઈન્ડેક્સ 1.69 ટકા ઘટ્યો હતો. આનો અર્થ એ છે કે વિશ્વભરના મોટા શેરબજારો ભારે દબાણ હેઠળ છે. આ અચાનક ઘટાડાને કારણે રોકાણકારોમાં ગભરાટ ફેલાયો છે.

સૌથી મોટો ઘટાડો દક્ષિણ કોરિયાના બજારમાં થયો છે. કોસ્પી 10 ટકા તૂટી ગયો છે. એસકે હાયનિક્સ અને સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ સૌથી વધુ ઘટ્યા છે. જેના કારણે શેરબજારમાં થોડા સમય માટે ટ્રેડિંગ અટકી ગયું હતું. પરંતુ, ટ્રેડિંગ ફરી શરૂ થયા બાદ બજાર પર વેચાણનું દબાણ વધ્યું હતું. આ વર્ષે દક્ષિણ કોરિયાનું બજાર સૌથી વધુ તેજીનું રહ્યું હતું. વિદેશી રોકાણકારોએ સેમિકન્ડક્ટર કંપનીઓના શેરમાં ભારે રોકાણ કર્યું હતું. જેના કારણે શેરના ભાવમાં અનેકગણો વધારો થયો હતો.

નિષ્ણાતો કહે છે કે અમેરિકા, દક્ષિણ કોરિયામાં ચિપ બનાવતી કંપનીઓના શેરમાં જબરદસ્ત વધારો થયો હતો. એઆઈના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને રોકાણકારો આ શેરોમાં રોકાણ કરી રહ્યા હતા. જેના કારણે આ શેરના ભાવ આસમાને પહોંચ્યા હતા. હવે તેમના ઊંચા મૂલ્યાંકન અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જેના કારણે આ શેરોમાં વેચવાલી થઈ રહી છે.

# એવરેજ ભારતીય ડિજિટલ ઈન્વેસ્ટરનો પોર્ટફોલિયો 10 લાખનો

**કુલ** રોકાણમાં એસઆઇપીનો હિસ્સો 37 ટકા અને ડાયરેક્ટ ઇક્વિટી હિસ્સો 32 ટકા છે

**નવા** પ્રોડક્ટ્સ અપનાવવામાં હજુય સુસ્તી!

મુંબઈ, તા. 23: ભારતમાં સરેરાશ ડિજિટલ રોકાણકારનું પોર્ટફોલિયોનું કદ આશરે 10 લાખ રૂપિયા છે અને તે દર વર્ષે આશરે 3 લાખ રૂપિયાનું નવું રોકાણ ઉમેરે છે. આ હોવા છતાં, તેની લગભગ 80 ટકા રોકાણ કરી શકાય તેવી ડિજિટલ સંપત્તિ હજી પણ એસઆઈપી, ડાયરેક્ટ ઈક્વિટી અને વન-ટાઈમ મ્યુચ્યુઅલ ફંડ રોકાણોમાં કેન્દ્રિત છે.

કન્સલ્ટિંગ ફર્મ રેડસીરના એક રિપોર્ટ અનુસાર, કુલ રોકાણમાં એસઆઈપીનો હિસ્સો 37 ટકા અને ડાયરેક્ટ ઈક્વિટી હિસ્સો 32 ટકા છે. આ દર્શાવે છે કે જ્યારે રોકાણકારોની સંપત્તિ વધી રહી છે, ત્યારે નવા રોકાણ ઉત્પાદનોને અપનાવવાનું એટલું ઝડપી નથી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડિજિટલ રોકાણના આગળના તબક્કાની વૃદ્ધિ નવા રોકાણકારોના ઉમેરો કરતાં હાલના રોકાણકારોના વર્તન પર વધુ નિર્ભર રહેશે. રોકાણકારોમાં ઈટીએફ, ગ્લોબલ ઈક્વિટીઝ, માર્જિન ટ્રેડિંગ સુવિધા અને શેર સામે લોન જેવા ઉત્પાદનો વિશે સારી જાગૃતિ છે, પરંતુ તેનો વાસ્તવિક ઉપયોગ હજી પણ મર્યાદિત છે.

અહેવાલમાં બજારને પ્રભાવિત કરતા ત્રણ મુખ્ય રોકાણકાર સેગમેન્ટની ઓળખ કરવામાં આવી છે. પ્રથમ કેટેગરી ગાઈડેડ સેવર્સ છે, જે રોકાણને લાંબા ગાળાની બચતના સાધન તરીકે માને છે.